જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ થાય કે, ઈશાન ઘનશ્યામભાઈ વાઘાણી, તે અમારી ભાઈ વિજયભાઈ નાગજીભાઈ માણિયાની એમ્પ્લોઈડરીની પેઢી ઓમ ફેશનમાં છેલ્લાં દોઢ વર્ષથી નોકરી કરતાં આવેલાં. તેઓએ અમારી પેઢીમાંથી છેલ્લા એક મહીના ઉપરાંતથી અમારી જાણ બહાર અમારો ૭૦-૮૦ લાખનો માલ ત્રાહિત પક્ષકારને આપેલ હોવાનું જાણમાં આવતાં અમોએ તેઓને તે વિશે પુછતા, ઈશાને અમોને જવાબ આપેલ નહીં અને આજ સવારે તા.૧૨/૦૩/૨૦૨૫ નાં રોજ અમોને જાણ કર્યા વગર જતાં રહેલ છે. તેઓ ક્યાં ગયા છે તે વિશે અમોને કોઈ જાણ નથી અને તેઓ કંઈપણ કરે તો તેનાં માટે અમો જવાબદાર નથી.

લિ. જયંતિભાઈ નાગજીભાઈ માણિયા
અંજની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-૩
હજીરા-કામરેજ રોડ, ગોથાણ, સુરત

સુરત
તા. ૧૨/૦૩/૨૦૨૫

કિષ્ના કે. ખેની - એડવોકેટ & નોટરી
ઓફિસઃ જી-૨૩, પ્લેટીનમ પોઇન્ટ, સીએનજી પંપ પાછળ, મોટા વરાછા, સુરત-394101.
મો. 9033717403, 8849310882

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, જિલ્લે : નવસારી, તાલુકેઃ જલાલપોર, મોજે ગામ : ઉભરાટના જૂના રેવન્યૂ સર્વે નં. ૭૪૯, નવો સર્વે/ બ્લોક નંબર : ૮૧૪ થી નોંધાયેલી સુમારે હે.આરે.ચો.મી. ૦-૧૯-૧૯, આકાર રૂા. ૦-૯૦ પૈસા છે તેમજ જૂના રેવન્યૂ સર્વે નં. ૭૭૬, નવો સર્વે/ બ્લોક નંબરઃ ૭૯૩ થી નોંધાયેલી સુમારે હે.આરે.ચો.મી. ૦-૦૫-૯૮, આકાર રૂા. ૦-૭૦ પૈસા છે તે જમીનો નિતીનભાઈ નરોત્તમભાઈએ તેઓની માલિકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી સદરહુ જમીનો તમામ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને તમામ બોજારહિત વેચાણ આપવા નક્કી કરેલ છે. તેથી સદર જમીનોમાં જે કોઈ વ્યક્તિ યા સંસ્થાનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દરદાવો, કબજાનો, સાટાખતના યા બીજા કોઈ રીતના હક્ક હોય તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહિત હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કોઈ પણ પ્રકારના હક્ક, હિત, હિસ્સા, લાગભાગ, દરદાવો, કબજો, સાટાખતના કે બીજી કોઈ રીતનો હક્ક નથી અને હોય તો તે છોડી દીધા છે તેમ ગણી મારા અસીલ વ્યવહાર પૂર્ણ કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહીં તેની નોંધ લેવી.

મિતેષ એન. જરીવાલા તે ખરીદનારના એડવોકેટ
ઠેકાણું : ૬૦૭, ધી સીટાડેલ, સ્ટાર બજારની સામે, કેબલ બ્રિજની બાજુમાં, અડાજણ, સુરત. મો. ૯૮૨૫૧-૩૩૯૧૪.

મહે. કઠોરના પ્રિન્સીપલ સિનિયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં
પહેલો માળ, કઠોર કોર્ટ બીલ્ડીંગ, કઠોર, કામરેજ, સુરત.
રે. દીવાની મુકદમાં નંબર : ૫૨/૨૦૧૨
લીંક વીથ સ્પે. દી.મુ.નં. ૨૦૪/૨૦૧૭

વાદીઓ : (૧) મર્હુમ મોહનભાઈ ભુલાભાઈ ટેલરના વારસદારો
(૧) નટવરભાઈ મોહનભાઈ ટેલર
...વિરૂધ્ધ...
વાદીનાં વકીલશ્રી **પ્રવીણ પી. દેવમુરારી**

પ્રતિવાદી : (૧) પરવેઝ દારબશા વીગેરે.
પ્રતિવાદી : ૪ (૧) પમુદી અદી એલાવીયાં તે નાજુ દારબશાનો પુત્ર,
૪ (૨) દિલબર નેવીલ કાપડીયા તે નાજુ દારબશાની પુત્રી,

:: જાહેર સમન્સ ::

આ કામના વાદીઓએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ તેમના એડવોકેટ મારફતે અત્રેની કોર્ટમાં જાહેરાતનો તથા જાથુકનો મનાઈ હુકમ વિગેરે મેળવવા માટે દાવો કરેલ છે. આ દાવામાં તમો પ્રતિવાદી નં. ૪(૧) અને ૪(૨) ને તે સંદર્ભે નોટીસ તમારા રહેઠાણના સરનામે બજવણી કરવા જતા તમો મળી આવતા નથી. અને નોટીસની બજવણી યેનકેન પ્રકારે થવા દેતા નથી. જેથી આ જાહેર સમન્સથી તમોને જણાવવામાં આવે છે કે તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તમારે જાતે અથવા વકીલ મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરી ગણી સદરહુ દાવાનો એક તરફી નિકાલ કરવામાં આવશે તેની ગંભીર નોંધ લેશો.
આજ તારીખ ૧૧મી માહે માર્ચ સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર (R A. Patel) આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, કઠોર
મુકાબલ કરનાર (સુપ્રીન્ટેન્ડન્ટ) સુપ્રીન્ટેન્ડન્ટ સીવીલ કોર્ટ, કઠોર
કોર્ટનો સિકકો
હુકમથી (D.K. Shah) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, કઠોર

જાહેર નોટીસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો કામરેજ ના મોજે ગામ લાડવી ના ખાતા નંબર : ૪૫૭, જુનો બ્લોક નંબર : ૧૪૭/અ, રીસર્વે બાદ નવો બ્લોક નંબર : ૧૯૩ વાળી સુમારે હે.૧ આરે ૭૬, ૭૮ ચોરસ મીટર ક્ષેત્રફળ તથા રૂા. ૨૧.૫૪ પૈસા આકાર વાળી બીનખેતી હેતુ માટે પ્રિમીયમને પાત્ર ખેતીની જમીન ૧. નટુભાઈ રણમલભાઈ ભાટુ ૨. પ્રશાંત નટુભાઈ ભાટુ ૩. વિરમભાઈ રણમલભાઈ ભાટુ ૪. માલદેભાઈ રણમલભાઈ ભાટુ ૫. જગમાલ માલદેભાઈ ભાટુ ની સંયુક્ત માલીકી, કબજા, ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનુ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનમાંકોઈપણ વ્યકિત, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, હકક, હીત, સંબંધ કે દાવો, લીયન બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દીન-૭ માં અમોને લેખીત પુરાવાઓ લઈ મળવુ, તેમ થવામા કસુર થયેથી સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનમાંકોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો નથી અને હોય તો તે છોડી દીધેલ છે તેમ માની, સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનના માલીકો ૧. નટુભાઈ રણમલભાઈ ભાટુ ૨. પ્રશાંત નટુભાઈ ભાટુ ૩. વિરમભાઈ રણમલભાઈ ભાટુ ૪. માલદેભાઈ રણમલભાઈ ભાટુ ૫. જગમાલ માલદેભાઈ ભાટુ ને પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મારા અસીલના નામે કરી કરાવી લેવામા આવશે. ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો વિરોધ, દાવા-હુવી અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૩૦૩, પાર્ક એવન્યુ,
શ્રીધર પેટ્રોલ પંપ પાછળ,
પોદ્દાર આર્કેડ થી લંબે હનુમાન રોડ,
વરાછા, સુરત. મો. ૯૮૨૫૫ ૬૭૬૨૪
હર્ષદકુમાર બી. વાડદોરીયા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ તાલુકે : અડાજણ (સુરત સીટી) નાં મોજે ગામ : પાલનાં રે.સ.નં. ૪૦૯/૩, જેનો બ્લોક નં. ૩૭૦/૧/૨+૩૭૦/૨ વાળી કુલ સુમારે ૪૩૫૦ ચો.મી. જમીન, જે ટી.પી.સ્કીમ નં. ૧૪ (પાલ) નાં ફાયનલ પ્લોટ નં. ૧૩૬+૧૩૭ વાળી કુલ સુમારે ૩૧૩૨ ચો.મી. રહેણાંકનાં હેતુ માટેની બીનખેતીની જમીનમાં મંજુર થયેલા પ્લાન મુજબ બિલ્ડીગ નં. સી, પલાઝો નામની બહુમાળી ઈમારતમાં પાંચમા માળ પર આવેલા ફલેટો પૈકી ફલેટ નંબર : ૫૦૨ વાળી મિલકત, જેનું બીલ્ટઅપ એરીયાનું સુમારે ક્ષેત્રફળ ૨૩૦.૧૮ ચો.મી. જેનું કારપેટ એરીયાનું સુમારે ક્ષેત્રફળ ૨૧૮.૦૯ ચો.મી. ની ફલેટ-મિલકત તથા તેની તળની જમીનમાં લાગુ ફાળે પડતા પ્રમાણસરનાં ૧૧૮.૨૬ ચો.મી. નાં અવિભાજય હીસ્સા સહિતની મિલકત તથા તેને લાગતા-વળગતા અંદરનાં તથા બહારનાં તમામ સહીયારા/રાસુકા માલિકી હકક, હિત, અધિકાર સહીતની મિલકતનાં માલિકો સુરેન્દ્ર હંસરાજ છેડા એ મજકુર મિલકત પોતાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટી હેઠળની, ટાઇટલ કલીયર, બોજામુકત અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકત બાબતે કોઇ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હક્ક, હિત, કબજો, દર-દાવો, લીયન, ચાર્જ, લેણાં યા બોજા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં આધારભુત પુરાવા સહિત હમોને નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ મિલકતમાં કોઇનાં હક્ક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેઈવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અવેજની રકમ ચુકવી રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તે અંગે કોઇની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

(અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે)
મો.નં. ૯૮૨૫૪ ૪૯૦૦૪, ૯૫૫૮૨ ૯૮૧૪૭
ઓફિસ : ૧૦૩, સાંઈકૃપા કોમ્પલેક્ષ,
તાડવાડી, રાંદેર રોડ, સુરત (તા. ૧૩/૦૩/૨૦૨૫)
મનીષ બી. પટેલ એડવોકેટ એન્ડ નોટરી
હિમાંશુ બી. પટેલ તે ખરીદનારનાં એડવોકેટસ્

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

સુરત ડિસ્ટ્રીકટ ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટના મોજે ડીંડોલીના સર્વે નં.૩૫૪, બ્લોક નં.૫૧૨, ટી.પી.સ્કીમ નં.૬૨, ફા. પ્લોટ નં.૪૧/એ થી નોંધાયેલી બીનીખેતીની ૧૯,૭૬૫ ચો.મી. જમીન, જે "મહાદેવ નગર" નામ થી ઓળખાય છે તેમાં મંજુર થયેલા સુડાના પ્લાન મુજબ રહેઠાણ માટે પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૩૯૫/૧ તથા સ્થળ મુજબ પ્લોટ નંબરઃ ૩૯૫ વાળી મીલકત કે જેનું પ્લોટનું ક્ષેત્રફળ ૩૯.૦૧ ચો.મી. છે. તે બાંધકામ સહીતની પ્લોટ વાળી મીલકત દેવજીભાઈ મોહનભાઈ શોલા તથા જાનાબેન માનસુરભાઈ મારૂએ મંગલાબેન ભગવાનભાઈ કુમાવતના કુલમુખત્યાર રમેશભાઈ જોધાભાઈ જાધવ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ. જે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના નવાગામ કચેરીમાંતા.૨૭.૦૬.૨૦૦૬ ના ના રોજ અનુક્રમ નંબર : ૯૧૦૦ થી નોંધાયેલ. પરંતુ સદરહુ મીલકતના આ વેચાણ દસ્તાવેજ જે પાવર ના આધારે નોંધાયેલ છે. તે પાવર ઓફ એટર્ની તેમજ સદરહું મીલકતના અગાઉના ઓરીજીનલ વેચાણ દસ્તાવેજ કે જે મંગલાબેન ભગવાન કુમાવત એ સુશીલાબેન રમેશભાઈ તે ઠાકોરભાઈની વિધવા વિગેરે પાસેથી વેચાણ રાખેલ. જે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબ સુરતની કચેરીમાં અનુક્રમ નંબર : ૨૬૭૬ થી તા.૦૯.૦૪.૨૦૦૩ ના રોજ થી નોંધાયેલ છે. તે અસલ વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન ફી ની રસીદ (આર.આર.) તેઓથી ક્યાંક ગુમ થયેલ હોવાનુ અને ઘણી શોધખોળ કરવા છતાં મળી ન આવતા હોવાનું જણાવેલ છે. સદરહું ઉપરોકત જણાવેલ મીલકત તેના માલીક દેવજીભાઈ મોહનભાઈ શોલા તથા જાનાબેન માનસુરભાઈ મારૂ પાસેથી હમોના અસીલ કિંમતી અવેજ આપી વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા માંગે છે જેથી અમો પાસેથી સદરહું મિલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરી છે. સબબ, ઉપરોકત જણાવેલ પાવર ઓફ એટર્ની, અસલ વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન ફી ની અસલ રસીદ જો કોઈના કબજામાં હોય અને તે આધારે સદરહું મિલકત ઉપર જો કોઈ વ્યકિત, બેંક યા નાણાકીય સંસ્થાનો હરકોઈ પ્રકારનો હક્ક, હિત, દરદાવો, સંબંધ, બોજો, ચાર્જ યા લીયન હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી નીચેના સરનામે દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકત ટાઈટલ કલીયર છે તેમ માની હમારા અસીલ સદર મિલકતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યાર પછી કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી અને તેવી વ્યકિતઓને કોઈપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.**

ઓફીસ : ૨૦૫, રાજ એમ્પાયર,
મહારાણા પ્રતાપ ચોક, નહેર રોડ,
ગોડાદરા, સુરત. મો. ૯૮૨૫૫ ૫૯૬૨૨
અસીલની સુચના અને ફરમાઈશથી
પ્રહલાદ દેવજીભાઈ ધામેચા
એડવોકેટ એન્ડ નોટરી

હોળી- ધુળેટીને પગલે ધો.10 અને ધો.12ની પરીક્ષાની ઉત્તરવહીના મૂલ્યાંકનમાં ફેરફાર

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10 અને 12 ની પરીક્ષાઓની ઉત્તરવહીનું મુલ્યાંકન કામગીરી તા. 11મી માર્ચથી મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર શરૂ થઈ છે. હોળી અને ધુળેટી બે દિવસ મૂલ્યાંકન કામગીરીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10 અને 12ની સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહની ઉત્તરવહી પરીક્ષણની કામગીરી જુદા જુદા મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો ઉપર 11મી માર્ચથી શરૂ થઈ છે. કામગીરી દિવસ દરમિયાન થતી હોય છે.

:: સુરત જીલ્લાના વોર્ડ દેલાડવાના સીટી સર્વે નં.૨૯૭ તથા ૩૦૨ થી નોંધાયેલી જમીન/મિલકત અંગે જાહેર ચેતવણી ::

સુરત જીલ્લાના મોજે ગામ દેલાડવાના ગામતળમાં આવેલી જમીન કે જેને સીટી સરવે દફતરે વોર્ડ દેલાડવાના શીટ નં.૩ ના ચાલતા નં.૧૦ તથા ૧૪ કે જેનો સીટી સર્વે નં.૨૯૭ તથા ૩૦૨ થી નોંધાયેલી જમીનો જેનુ અનુક્રમે કુલ ક્ષેત્રફળ ૧૯૪૨.૬૨ ચો.મી. તથા ૯૭.૨૯ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ ૨૦૩૯.૯૭ ચો.મી. થાય છે. તે જમીનોના માલીક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર **સ્મીત પ્રહલાદ મોર્યા** ચાલી આવેલ હોવાની હકીકતો જણાવી તેઓએ સદરહુ જમીનમાં તેઓના પહોંચતા હિસ્સાની જમીન અમારા અસીલ પરેશભાઈ ગિરધરભાઈને યોગ્ય શરતોને આધીન વેચાણ આપી એક સાટાખત પણ લખી આપેલ છે અને હમારા અસીલ કનેથી ઘણી માતબર રકમ પણ સ્વીકારેલી છે. આમ, સદરહુ જમીન ખરીદવાના અમારા અસીલના હકકો અણનમ ઉભેલા છે. તેમ છતાં હમારા અસીલને મળેલી જાણકારી મુજબ **સ્મીત પ્રહલાદ મોર્યા** હાલમાં સદરહુ જમીન અન્ય ત્રાહિત ઈસમોને વેચાણ કરવાની પેરવીમાં છે. પરંતુ સદરહુ જમીનમાં અમારા અસીલનું હકક હિત ચાલી આવેલ હોવાથી અમારા અસીલની સહી, સંમતી વિના કોઈએ પણ સદરહુ જમીન અંગે કોઈ પણ જાતના વ્યવહાર કરવા કરાવવા નહી કે સદરહુ જમીન **સ્મીત પ્રહલાદ મોર્યા** પાસેથી અન્ય કોઈ પણ વ્યકિત કે ઈસમે ખરીદ કરવી નહી કે તે અંગેના વ્યવહારો કરવા નહી. તેમ છતાં આ જાહેર ચેતવણી છતા જો કોઈપણ વ્યકિત કે ઈસમ તેઓ સાથે અમારા અસીલની પરવાનગી વિના વેચાણ અંગેના કોઈ પણ પ્રકારના કૃત્યો કે કાર્યવાહીઓ કરશે કરાવશે તો તેવા કૃત્યો કે કાર્યવાહીઓ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને તેવી વ્યકિતઓએ ફોજદારી તથા દાવા દુવીના પ્રકરણોમાં સંડોવાવુ પડશે અને તેઓને તકરાર સિવાય કશું પ્રાપ્ત થશે નહી. જેની તમામ જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામુંઃ-બી-૫૦૧,
સારથી એવન્યુ, દેવધ ગામ રોડ,
ગોડાદરા, સુરત.
મારી મારફત
યોગેશ પી. બલદાણીયા
તે ખરીદનારના એડવોકેટ

મોજે ગામ ઓખાના બ્લોક નં. ૧૫ વાળી જમીન અંગે જાહેર નોટીસનો જાહેર જવાબ તથા જાહેર ચેતવણી

એડવોકેટ હેમંત એમ. પટેલે તેઓના અનામ અસીલ મારફતે ડીસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ ચોર્યાસીના **મોજે ઓખા**ના રે.સ.નં. ૧૨, જેનો **બ્લોક નં. ૧૫,** જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૩૨-૫૪ જેનો આકાર રૂા. ૧૮.૬૨ પૈસા વાળી જુની શરતની ખેડખાતાની ખેતીની જમીનમાં **કમુબેન નાથુભાઈ, મંજુબેન નાથુભાઈ કે મર્હુમ રંજનબેન નાથુભાઈનો વણ-વહેંચાયેલો હિસ્સો વેચાણ લેવા અંગે તા. ૦૯/૦૩/૨૦૨૫ ના ગુજરાતમિત્ર દૈનિક**માં જે જાહેર નોટીસ છપાવેલી છે તે અંગે જાહેર ખુલાશો અને જાહેર ચેતવણી આપીને જણાવવાનું કે સદરહું બ્લોક નં. ૧૫ વાળી જમીનમાં કમુબેન, રંજનબેન, મંજુબેનનો કશો પણ માલિકી હકક કે કબજો વપરાશ ચાલી આવેલો નથી કે તેઓનો કોઈ વણ-વણવહેંચાયેલો હીસ્સો નથી અને કમુબેન, રંજનબેન અને મંજુબેને કાયદેસરના લખાણો કરી આપીને તેઓનો જે કાંઈ હીસ્સો હતો તે જે તે સમયે જતો કરી દીધેલો છે. સબબ, દાવાવાળી જમીનમાં મજકુર કમુબેન, રંજનબેન, મંજુબેન ત્રણેયનો મજકુર બ્લોક નંબરવાળી જમીનમાં કે કુંટુંબની કોઈ અન્ય મિલકતમાં કશો પણ રાઈટ, ટાઈટલ કે ઈન્ટરેસ્ટ નથી. આ અંગે રંજનબેન વિગેરે તરફથી સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં. ૨૮/૨૦૧૨ થી દાવો કરેલા છે, જે દાવામાં આજદિન સુધી તેઓ કોઈ સુનાવણી કરવા પણ આવતા નથી અને તે દાવામાં પણ તેઓ સફળ થાય તેમ નથી. **તો તેવા સંજોગોમાં મોજે ઓખાના બ્લોક નં. ૧૫ વાળી જમીનમાં કમુબેન, રંજનબેન, મંજુબેનનાઓ પાસેથી તેઓનો કહેવાતો વણ-વહેંચાયેલો હીસ્સો તમારા અસીલોએ કે કોઈએ પણ વેચાણથી કે અન્ય કોઈપણ રીતે રાખવો નહી** અને જો હમારા અસીલોની સહી સંમતિ વગર આવો કહેવાતો વણ-વહેંચાયેલો હીસ્સો યા મજકુર જમીનમાં કોઈપણ ભાગ વેચાણથી રાખવામાં આવશે તો તેઓને કશાપણ રાઈટ, ટાઈટલ કે ઈન્ટરેસ્ટ યા કબજાના હકકે મળશે નહીં અને જો અવેજ ચુકવેલ હશે તો તે પણ ફોક થઈ જશે અને તેઓને તકરાર સિવાય કશું પણ મળશે નહીં. તેની ગંભીરપણે નોંધ લેવી.

વધુમાં એડવોકેટ હેમંત એમ. પટેલ તેઓના અનામ અસીલ તરફે આ નોટીસ આપે છે. જેથી તેઓને આથી નોટીસ આપી જણાવવાનું કે તેઓના અનામ અસીલના નામ, સરનામાની વિગત દિન-૧૦ માં પુરી પાડવી જે વિગત મલ્યેથી જરૂરી દિવાની તથા ફોજદારી રાહે કાર્યવાહી તેઓ વિરૂદ્ધ પણ કરવામાં આવશે તેની પણ ગંભીરપણે નોંધ લેવી.

ઠે. ૧૦૧-૧૦૨, સુંદરમ બિલ્ડીંગ,
મુદીતા મીઠાઈની સામે, હીલ્સ નર્સરી
સ્કુલની બાજુમાં, નાનપુરા, સુરત.
મો. ૯૮૨૫૭ ૭૦૧૧૦
(તા. ૧૩/૦૩/૨૦૨૫)
વસંતલાલ સી. ગાંધી
ધર્મેશ વી. ગાંધી
હર્ષિલ ડી. ગાંધી
તે મીહીર શંકરભાઈ પટેલ તથા વિવેક શંકરભાઈ પટેલ વિગેરેનાઓના એડવોકેટસ્

જાહેર ચેતવણી

મોજે : પીપલોદના રે. સ. નં. ૮૯, ટી.પી. સ્કીમ નં. ૬ (પીપલોદ), ફાયનલ પ્લોટ નં. ૧૧૦, ક્ષેત્રફળ ૧૭૬૪૦-૦૦ ચો.મી. વાળી જમીન જે શ્રીકૃષ્ણા પ્લોટસ તરીકે ઓળખાય છે, તેમાં હમારા અસીલના કબજા ભોગવટાના પ્લોટ નં. ૨૭, ક્ષેત્રફળ. ૩૭૧.૯૬ ચો.મી. બાબતે.

આથી લાગતા વળગતા વળગતા તમામ ઈસમો અને જાહેર જનતાને આ જાહેર ચેતવણી થકી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ સુરત સીટી સબ ડીસ્ટ્રીકટના મોજે : પીપલોદના રે. સ. નં. ૮૯, ટી.પી. સ્કીમ નં. ૬ (પીપલોદ), ફાયનલ પ્લોટ નં. ૧૧૦, ક્ષેત્રફળ ૧૭૬૪૦-૦૦ ચો.મી. વાળી જમીન કે જે શ્રીકૃષ્ણા પ્લોટસ તરીકે ઓળખાય છે, તેમાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૨૭ થી નોંધાયેલ પ્લોટ કે જેનું કુલ ક્ષેત્રફળ ૩૭૧.૯૬ ચો.મી. છે. તેના માલીકો (૧) જગદિશભાઈ અંબાલાલ પટેલ તથા (૨) દિપિકા જગદીશભાઈ પટેલની ધણીયાણી, બંન્ને રહે.એ/૨૮, ગોકુલ રો-હાઉસ, સોમનાથ મહાદેવ રોડ, ઈચ્છાનાથ, અઠવાલાઈન્સ, સુરત. ૩૯૫૦૦૭ના ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલ મયંક જીતેન્દ્ર જરીવાલાને કીમતી વેચાણ બદલ વેચાણ આપી અમારા અસીલને સદરહુ પ્લોટનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો સુપ્રત કરી આપેલ અને અમારા અસીલના લાભમાં કાયદેસરનો એક કબજા સહીતનો વેચાણ કરાર તા.૪.૫.૨૦૦૭ ના રોજ કરી આપેલ અને તે આજે પણ અમલી છે. સદરહુ પ્લોટનો તેઓના લાભમાં મુળ જમીન માલીકોએ તા.૩૧.૩.૨૦૦૦ ના રોજ કરી આપેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૯૫૪ અમારા અસીલને તા.૪.૫.૨૦૦૭ ના રોજ સુપ્રત કરેલ. ત્યારથી અને આજ દિન સુધી સદરહુ પ્લોટના સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર અમારા અસીલ ચાલી આવેલા છે. અમારા અસીલે સદરહુ પ્લોટ ખરીદ કર્યા બાદ પ્લોટનો વિકાસ કરેલ. સદરહુ પ્લોટ વાળી સંપુર્ણ જમીન ઉપર શહેરી જમીન ટોચ મર્યાદાના પ્રકરણો ચાલતા હોય કલેકટરશ્રીના મનાઈ હુકમ હોય નામદાર ગુજરાત હાઈકોર્ટ અને ત્યાબબાદ નામદાર સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ હોવાના કારણે જે તે સમયે અમારા અસીલના લાભમાં વેચાણ દસ્તાવેજ કરવાનો બાકી રહેલ હતો. હાલમાં તા.૧૬.૯.૨૦૨૪ ના રોજ જગદિશભાઈ અંબાલાલ પટેલ તથા તેમનો દિકરો કરણ પટેલ અને અન્ય ત્રાહીત ઈસમ સાથે બપોરે ૩.૫૦ કલાકે જગદીશભાઈ જબરદસ્તીથી અમારા અસીલના ઘરમાં ઘુસી આવીને અમારા અસીલના પત્નિ રૂપલબેન સાથે જીભાજોડી કરી કંમ્પાઉન્ડ વોલ તોડાવી નાંખવાની ધમકી આપેલ. જેથી અમારા અસીલને શંકા ગયેલ કે, સદરહુ પ્લોટ ઉપર ચાલતા પ્રકરણો/લીટીગેશન પતી ગયા હોવા જોઈએ. અમારા અસીલે તપાસ કરાવતા સુપ્રિમ કોર્ટ ધ્વારા સદરહુ જમીન અંગે તા.૩૦.૪.૨૦૨૪ ના રોજ ચુકાદો આપેલ હોવાની અમારા અસીલને માહીતી મળેલી. જેથી હવે સદરહુ પ્લોટ નં.૨૭ નો વેચાણ દસ્તાવેજ કરવામાં કોઈ કાનુની અડચણ નથી. પરંતુ આ સમય દરમ્યાન સદરહુ પ્લોટની કીમત ખુબ જ વધી ગઈ હોવાના કારણે મજકુર જગદીશભાઈ તથા દિપીકાબેનની દાનત બદ થયેલ હોવાનું માલુમ પડે છે. અમારા અસીલે મજકુર જગદીશભાઈ તથા દિપીકાબેનને તા.૨૩.૧૧.૨૦૨૪ ના રોજ રજીસ્ટર્ડ પોષ્ટ એડી જરૂરી નોટીસો આપેલ છે. જે તેમને તા.૨૩.૧૧.૨૦૨૪ ના અરસામાં બજી ગયેલ છે છતાં કોઈ જવાબ આપેલ નથી. અમારા અસીલને ભય છે કે, તેઓ પ્લોટ નં.૨૭ નો નિકાલ કરવાની તજવીજ કરી રહયા છે. માટે, આ જાહેર ચેતવણીથી જાહેર જનતાને જણાવવાનું કે, સદરહુ પ્લોટમાં અમારા અસીલના કીમતી હકકો અને કાયદેસરનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો સને ૨૦૦૭ થી સતત અને અવિરતપણે કોઈના કોઈપણ પ્રકારના રોકટોક અને હરકત અટકાયત વિના ચાલી આવેલ છે. સદરહુ પ્લોટ કોઈપણ વ્યકિત કે સંસ્થાએ મજકુર (૧) જગદિશભાઈ અંબાલાલ પટેલ તથા (૨) દિપિકા જગદીશભાઈ પટેલ પાસેથી ખરીદ કરવો નહીં કે તેઓની સાથે પ્લોટ નં.૨૭ બાબતે કોઈપણ પ્રકારના કરારો, લખાણો કે વેચાણ વ્યવહારો કરવા કરાવવા નહીં. આ જાહેર ચેતવણી છતાં સદરહુ પ્લોટ કોઈપણ વ્યકિત ખરીદ કરશે તો તેઓને તકરારો સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહીં અને કોર્ટ પ્રકરણોમાં ઉતરવું પડશે જેની આથી તમામે ગંભીર નોંધ લેવી.

તા. ૧૩/૦૩/૨૦૨૫
ઠે. ૫૦૩-૫૦૪, લીબર્ટી ચેમ્બર્સ,
નાનપુરા, ટીમલીયાવાડ, સુરત
મો. નં. ૯૮૨૫૧૧૩૯૧૧/ ૯૮૨૫૫૧૯૮૫૫
અમારી મારફતે,
વાસુદેવ ગોપલાણી
કુમાર એલ. રામનાણી એડવોકેટસ્

મોજે તરસાડી, તા.મહુવા, જી. સુરતના રે.સર્વે નં.૧૩૫, બ્લોક નં.૮૩ વાળી જુની શરતની જમીનના તમામ ટાઇટલ કલીયર સહિત વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિ., સબ ડિ. મહુવા, મોજે તરસાડીના રે.સ. નં. ૧૩૫, બ્લોક નં. ૮૩, ખાતા નં. ૧૧૨૩ વાળી જુની શરત (જુ.શ.)ની જમીન જેનું ક્ષેત્રફળ હે. ૦-૬૮-૯૭ આરે ચો.મી. છે. જેનો આકાર રૂા.૬-૬૯ પૈસા છે. સદરહુ જુની શરત (જુ